# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-11-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

### આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

**************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સુરત હાઇસ્પિડ રેલવે સ્ટેશનની કામગીરીની સમીક્ષા કરીને નર્મદા પહોંચ્યા – દેવમોગરા મંદિરમાં પૂજા-અર્ચના કરી.
2. પ્રધાનમંત્રી ડેડિયાપાડામાં ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિની ઉજવણી કરીને ગુજરાતને નવ હજાર સાતસો કરોડના વિકાસ કાર્યોની ભેટ આપશે
3. જમ્મુ કાશ્મીરના નૌગામમાં થયેલા વિસ્ફોટમાં નવના મોત અને 32 જેટલા ઇજાગ્રસ્ત
4. તાલિબાન વિરુદ્ધ પ્રતિબંધો પર સુરક્ષા પરિષદની સમિતિનું નેતૃત્વ અને આતંકવાદ વિરોધી પેનલનું સહ-અધ્યક્ષપદ સંભાળવા બદલ ભારતે પાકિસ્તાનની ટીકા કરી
5. બેડમિન્ટનમાં, સ્ટાર ભારતીય શટલર લક્ષ્ય સેને કુમામોટો માસ્ટર્સ જાપાન ટુર્નામેન્ટની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM GUJ VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાત પ્રવાસ દરમિયાન નર્મદા પહોંચ્યા,. જ્યાં તેમણે દેવમોગરા મંદિરમાં પૂજા-અર્ચના કરી. આ પહેલા સવારે સુરત એરપોર્ટ ખાતે કેન્દ્રીય મંત્રી સી આર પાટીલ અને ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પ્રધાનમંત્રીનું સ્વાગત કર્યું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અંત્રોલી ખાતે હાઇ-સ્પીડ બુલેટ સ્ટેશનનું નિરીક્ષણ કર્યું અને 2027 માટેની તૈયારીઓની સમીક્ષા કરી હતી.. અહીંથી તેઓ ભરૂચના ડેડિયાપાડા ખાતે જવા નિકળ્યા હતા જ્યાંતેઓ બિરસામુંડાની 150મી જન્મજયંતિની રાષ્ટ્રીય ઉજવણીમાં ભાગ લેશે.

તેમજ ગુજરાતને નવ હજાર સાતસો કરોડ કરતાં વધુના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

આ ઉપરાંત જ્યારે તેઓ ડેડિયાપાડાનો કાર્યક્રમ પૂર્ણ કરીને સુરત એરપોર્ટ પર પરત ફરશે ત્યારે સુરત ખાતે વસતા બિહારના લોકોને મળીને તેમનુ અભિવાદન ઝિલશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MHA-NOWGAM

જમ્મુ અને કાશ્મીરના નૌગામ પોલીસ સ્ટેશનમાં ગઈકાલે રાત્રે થયેલા વિસ્ફોટમાં નવ લોકોના મોત થયા હતા. આજે નવી દિલ્હીમાં પત્રકારોને સંબોધતા, ગૃહ મંત્રાલયમાં જમ્મુ અને કાશ્મીર વિભાગ બાબતોના સંયુક્ત સચિવ પ્રશાંત લોખંડેએ જણાવ્યું હતું કે આ ઘટનામાં 27 પોલીસકર્મીઓ, બે મહેસૂલ અધિકારીઓ અને ત્રણ નાગરિકો ઇજાગ્રસ્ત થયા છે.

તેમણે કહ્યું કે ઇજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. શ્રી લોખંડેએ કહ્યું કે સરકાર આ દુઃખની ઘડીમાં મૃતકોના પરિવારો સાથે છે.

## (બાઈટ: પ્રશાંત લોખંડે 9ના મોત)

શ્રી લોખંડેએ કહ્યું કે આતંકવાદી નેટવર્કની તપાસ દરમિયાન જપ્ત કરાયેલા વિસ્ફોટકો અને રસાયણોની તપાસ ચાલી રહી હતી ત્યારે વિસ્ફોટ થયો હતો. તેમણે કહ્યું કે વિસ્ફોટકો પોલીસ સ્ટેશન પરિસરના ખુલ્લા વિસ્તારમાં સુરક્ષિત રીતે સંગ્રહિત કરવામાં આવ્યા હતા અને પ્રમાણભૂત પ્રક્રિયા મુજબ ફોરેન્સિક તપાસ કરવામાં આવી રહી હતી.

## (બાઈટ: પ્રશાંત લોખંડે ઘટના)

શ્રી લોખંડેએ કહ્યું કે અકસ્માતના કારણની તપાસ કરવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

**BIRSA MUNDA FLORAL TRIBUTES**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ આજે નવી દિલ્હીમાં સંસદ સંકુલમાં ધરતી આબા ભગવાન બિરસા મુંડાને તેમની ૧૫૦મી જન્મજયંતિ પર પુષ્પાંજલિ અર્પણ કરી.

રાષ્ટ્રપતિએ કહ્યું કે 2021 થી દેશભરમાં તેમની જન્મજયંતિ આદિવાસી ગૌરવ દિવસ તરીકે ઉજવવામાં આવી રહી છે. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે ભગવાન બિરસા મુંડાએ દેશભક્તિની જ્યોત પ્રગટાવી હતી જે પેઢીઓ સુધી પ્રજ્વલિત રહેશે.

તેમણે કહ્યું કે ધરતી આબા અને અન્ય આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓનો વારસો હંમેશા અમર રહેશે. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ કહ્યું કે રાષ્ટ્રીય હિત, આદિવાસી ઉત્થાન અને આત્મસન્માન માટે બિરસા મુંડાનો અપ્રતિમ સંઘર્ષ હંમેશા બધા માટે પ્રેરણાસ્ત્રોત રહેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM-JHARKHAND

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે આજે ઝારખંડના નાગરિકોને ઝારખંડ સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવી છે.

રાષ્ટ્રપતિ મુર્મુએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે ભગવાન બિરસા મુંડાની ભૂમિના પ્રતિભાશાળી અને મહેનતુ લોકોએ રાજ્ય અને સમગ્ર દેશને ગૌરવ અપાવ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે કુદરતી સંસાધનોથી સમૃદ્ધ આ રાજ્ય રાષ્ટ્રીય વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે આદિવાસી સંસ્કૃતિથી સમૃદ્ધ ભગવાન બિરસા મુંડાની ભૂમિનો ઇતિહાસ હિંમત, સંઘર્ષ અને આત્મસન્માનથી ભરેલો છે. તેમણે રાજ્ય અને તેના લોકોની પ્રગતિ અને સમૃદ્ધિ સતત વધે તેવી શુભેચ્છા પાઠવી હતી.

ગૃહમંત્રી અમિત શાહે પોતાના સંદેશમાં કહ્યું કે ઝારખંડે સ્વતંત્રતા ચળવળથી લઈને રાષ્ટ્રીય ગૌરવને પ્રોત્સાહન આપવા સુધીના દરેક પ્રયાસમાં અગ્રણી ભૂમિકા ભજવી છે. તેમણે ઝારખંડને કુદરતી સંસાધનો અને આદિવાસી વારસાની પવિત્ર ભૂમિ તરીકે વર્ણવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## GANGTOK-TOURISM MART

અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુએ ગઈકાલે સિક્કિમના ગંગટોકમાં ૧૩મા આંતરરાષ્ટ્રીય પ્રવાસન માર્ટનું ઉદ્ઘાટન કર્યું હતું.

આ પ્રસંગે આસામ, સિક્કિમ અને અરુણાચલ પ્રદેશના પ્રવાસન મંત્રીઓ પણ હાજર રહ્યા હતા. શ્રી ખાંડુએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, પૂર્વોત્તરે પ્રવાસન ક્ષેત્રમાં અભૂતપૂર્વ પ્રગતિ કરી છે.

આંતરરાષ્ટ્રીય પ્રવાસન માર્ટ એ પ્રવાસન મંત્રાલય દ્વારા આયોજિત એક મુખ્ય વાર્ષિક કાર્યક્રમ છે. તેનો ઉદ્દેશ્ય સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય

મુલાકાતીઓ માટે પૂર્વોત્તર ક્ષેત્રને એક સંકલિત પ્રવાસન સ્થળ તરીકે દર્શાવવાનો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CHINA-JAPAN-TENSIONS

ચીન સરકારે તેના નાગરિકોને જાપાનની મુસાફરી ટાળવા એક માર્ગદર્શિકા જાહેર કરી છે. તાઇવાન અંગે જાપાનના પ્રધાનમંત્રી સના તાકાચી દ્વારા તાજેતરમાં કરાયેલા નિવેદનો બાદ ચીનના વિદેશ મંત્રાલયે આ પગલું લીધું છે, જેનાથી એક મોટો રાજદ્વારી વિવાદ સર્જાયો છે.

ચીનના વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, જાપાનના નેતાની ઉશ્કેરણીજનક ટિપ્પણીઓએ વાતાવરણ વધુ ખરાબ કર્યું છે, જેનાથી જાપાનમાં ચીની લોકોની સલામતી માટે ગંભીર ખતરો ઉભો થયો છે.

ઉલ્લેખનીય છે કે ગયા અઠવાડિયે, જાપાનના પ્રધાનમંત્રી તાકાચીએ સંસદીય સમિતિના સત્રમાં જણાવ્યું હતું કે તાઇવાન પર ચીની લશ્કરી હુમલો જાપાન માટે અસ્તિત્વનો ખતરો બની શકે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## INDIA-PAKISTAN-UNSC

ભારતે પાકિસ્તાન દ્વારા તાલિબાન વિરુદ્ધ પ્રતિબંધો પર સુરક્ષા પરિષદની સમિતિનું નેતૃત્વ અને આતંકવાદ વિરોધી પેનલનું સહ-અધ્યક્ષપદ સંભાળવાની ટીકા કરી છે. ભારતના કાયમી પ્રતિનિધિ પી. હરીશે ગઈકાલે કાઉન્સિલની કાર્યપદ્ધતિ પર ચર્ચામાં જણાવ્યું હતું કે જ્યારે તેમના સ્વાર્થ હોય ત્યારે કાઉન્સિલના સભ્યોને સમિતિઓનું અધ્યક્ષપદ કરવાથી અટકાવવા જોઈએ.

તેમણે પાકિસ્તાનનું નામ લીધા વિના આ તમામ બાબતો કહી હતી. પાકિસ્તાન તાલિબાનના નેતૃત્વ હેઠળના અફઘાનિસ્તાન સાથે સંઘર્ષમાં ફસાયેલું છે અને તેમના દળો વચ્ચે સંઘર્ષ થયા છે. પાકિસ્તાન આતંકવાદ વિરોધી સમિતિનું સહ-અધ્યક્ષ છે જ્યારે યુએન દ્વારા મંજૂરી આપવામાં આવેલા સહિત અનેક આતંકવાદી જૂથો અને નેતાઓને સુરક્ષિત આશ્રય પૂરો પાડે છે.

હરીશે સુરક્ષા પરિષદની આતંકવાદ વિરોધી સમિતિઓના કાર્ય અને તેમના અધ્યક્ષોની પસંદગીની પ્રક્રિયા સામે પણ સવાલો કર્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BADMINTON

બેડમિન્ટનમાં, સ્ટાર ભારતીય શટલર લક્ષ્ય સેને કુમામોટો માસ્ટર્સ જાપાન ટુર્નામેન્ટની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે. પેરિસ ઓલિમ્પિક્સ 2024 સેમિફાઇનલમાં, લક્ષ્યે જીત મેળવી.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## IND VS SA TEST

ક્રિકેટમાં, કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે બે ટેસ્ટ ક્રિકેટ મેચની શ્રેણીની પ્રથમ મેચના બીજા દિવસે ભારતે 8 વિકેટ ગુમાવી 187 રન બનાવ્યા છે.

અગાઉ ભારતે એક વિકેટે 37 રનથી શરૂઆત કરી હતી. દક્ષિણ આફ્રિકાની ટીમ પોતાની પહેલી ઈનિંગમાં 159 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## INDIA-PARAGUAY

ભારત અને પેરાગ્વેએ દ્વિપક્ષીય, પ્રાદેશિક, બહુપક્ષીય અને વૈશ્વિક સ્તરે સંકલિત પ્રયાસો દ્વારા આતંકવાદનો સામનો કરવા માટે તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી છે.

અસુન્સિયનમાં યોજાયેલી સંયુક્ત આયોગ તંત્રની પ્રથમ બેઠક દરમિયાન, બંને પક્ષોએ સંમતિ વ્યક્ત કરી હતી કે આતંકવાદ, તેના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓમાં, આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા માટે ગંભીર ખતરો છે. બંને પક્ષોએ પરસ્પર લાભ માટે સુરક્ષા અને સાયબર સુરક્ષાના ક્ષેત્રોમાં સહયોગ અને દ્વિપક્ષીય સંકલન પદ્ધતિઓને મજબૂત બનાવવાની ઇચ્છા પણ વ્યક્ત કરી હતી.

ગઈકાલે પેરાગ્વેના નાયબ વિદેશ મંત્રી, રાજદૂત વિક્ટર વર્દુન અને વિદેશ મંત્રાલયના સચિવ (પૂર્વ) પેરિયાસામી કુમારન દ્વારા આ બેઠકની અધ્યક્ષતા કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .